Sorath Sudha : Refereed Journal
Vol. 1 Issue- 32
Issn : 2394 - 5648
July - 2017

SORATH SUDHA

Research Paper Education

# ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ગુજરાતી વિષયના પાઠયપુસ્તકોમાં આવરાયેલ ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

ટંડેલ પારૂલબેન બુધાભાઈ

research scholar
કોલેજ ઓફ એજ્યુકેશન, ખરોડ પાનોલી
તા. અંકલેશ્વર જી. ભરૂચ – ૩૯૪૧૧૫

## ૧.પ્રાસ્તાવિક

વર્તમાન કમ્પ્યૂટર અને વૈજ્ઞાનિક યુગમાં વિશ્વ જ્યારે દિન–પ્રતિદિન નાનું બનતુંજાય છે, કોમ્યુનિકેશન ગેપ ઘટતો જાય છે અને ઈન્ટરનેટના સહારે સારીયે દુનિયાનોસંપર્ક સહેલો થઈ પડયો છે ત્યારે સારાયે વિશ્વને જાણવા નિકળેલો માનવ પોતાનીજાતથી અજાણ થતો જાય છે, સ્વની ઓળખ ગુમાવતો જાય છે. માણસ જ્યારે પોતાનીજાતને ભૂલતો જાય છે ત્યારે તેના ધર્મ અને સંસ્કૃતિનું અસ્તિત્વ જોખમમાં મુકાય તેસમજી શકાય તેમ છે. આવા સંકટ સમયે માનવજાતને પ્રેરણા અને પ્રોત્સાહન આપનારું,બળ અને બુદ્ધિ વિકસાવનારું, શ્રદ્ધા અને વિકાસ ટકાવનારું જો કોઈ તત્ત્યવ હોય તો તેઈશ્વર છે. આ ઈશ્વર સુધી પહોંચવાનો માર્ગ છે ધર્મ અને સંસ્કૃતિ. આથી ધર્મ અને સંસ્કૃતિનું રક્ષણ થાય એ ખૂબ જ જરૂરી છે. વિશ્વની પ્રાચીનત્તમ સંસ્કૃતિઓમાં સ્થાન પામેલી ભારતીય સંસ્કૃતિ તેનીભાવ–ભાવનાઓ અને આચાર–વિચારોથી જગત આખામાં પ્રસિદ્ધ છે, પરંતુ વર્તમાનસમયમાં જ્યારે આધુનિકતાના નામે પશ્ચિમના દેશોની સંસ્કૃતિ, ધર્મ, રહેણીકરણી અનેવિચારધારાની ઘેલછા ભારતીય પ્રજાના માનસ ઉપર સવાર થતી જાય છે અનેભારતીય પ્રજા તેની ભવ્ય પરંપરા, સંસ્કૃતિ, ઈતિહાસનો વારસો ગુમાવતી જાય છે ત્યારેતેને પવિત્ર અને કલ્યાણકારી ભાવનાને વ્યંજિત કરતા ભારતીયતાના તત્ત્યવ પ્રત્યેસજાગ કરવાની અને એ તત્ત્યવમાં રહેલા સત્યનો પરિચય કરાવવાની આવશ્યકતા છે.આ ભારતીય સંસ્કૃતિને સમજવા માટે ભારતીય સમાજ, ભારતીય સાહિત્ય અનેભારતીય શિક્ષણ વ્યવસ્થાનો અભ્યાસ જરૂરી બને છે.

## ૨. ભારતીય સંસ્કૃતિનો અર્થ

'ભારતીય સંસ્કૃતિ' નામના ગ્રંથમાં સાને ગુરુજી ભારતીય સંસ્કૃતિ વિશેપ્રસ્તાવનામાં વાત કરતા કહે છે કે,"ભારતીય સંસ્કૃતિ હૃદય અને બુદ્ધિની પૂજા કરનારી સંસ્કૃતિ છે. ઉદારભાવના અને નિર્મળ જ્ઞાનના સંયોગથી જીવનમાં સુંદરતા લાવનારી આ સંસ્કૃતિ છે.જ્ઞાન–વિજ્ઞાનને સહૃદયતા સાથે જોડીને સંસારમાં મધુરતા પ્રસરાવવાનો પ્રયત્નકરનારી આ સંસ્કૃતિ છે. ભારતીય સંસ્કૃતિ એટલે કર્મ–જ્ઞાન–ભકિતતનો જીવંત મહિમા.શરીર, બુદ્ધિ અને હૃદયને સતત સેવામાં ઘસી નાખવાનો મહિમા.ભારતીય સંસ્કૃતિ એટલે સહાનુભૂતિ, ભારતીય સંસ્કૃતિ એટલે વિશાળતા,ભારતીય સંસ્કૃતિ એટલે સત્યના પ્રયોગો. ભારતીય સંસ્કૃતિ એટલે સ્થગિત થયાવિના જ્ઞાનની ભાળ મેળવતા સતત આગળ વધવું. જગતમાં જે કાંઈ સુંદર, શિવઅને સત્ય દેખાય તેને લઈને વિકાસ પામનારી આ સંસ્કૃતિ છે. એ દુનિયાના બધાઋષિમુનિઓને પુજશે, દુનિયાના બધા સંતોને વંદન કરશે, જગતના બધાધર્મસ્થાપકોને એ આદર આપશે. જયાં કયાંય મોટાઈ દેખાશે તેની ભારતીય સંસ્કૃતિપૂજા કરશે, આદર અને આનંદથી એનો સંગ્રહ કરશે.હ'ભારતીય સંસ્કૃતિ વિશે પ્રકાશ પાડતા ડૉ. નરેશ વેદ કહે છે



COLLEGE OF EDUCATION KHAROD Code 32 (DP)
આચાર્ય,
કોલેજ ઓફ એજ્યુકેશન, ખરોડ
તા. અંકલેશ્વર, પીન–૩૯૪૧૧૫

13 NOV 2018

UGC APPROVED JOURNAL ISSN 0976-2086

વર્ષ : ૫૧, અંક : ૧૦ ૩૧ ઓક્ટોબર ૨૦૧૮ છૂટક નકલ : મૂલ્ય રૂ. ૩૦

# અર્થસંકલન

## અર્થશાસ્ત્ર અને વાણિજ્યનું પ્રમુખ ગુજરાતી સામયિક

સળંગ અંક ૫૮૯


| | | | |
|---|---|---|---|
| પાન | ૩ | સંપાદકીય | પ્રો. અનિલ સોનેજી |
| પાન | ૫ | ગાંધીજીના આર્થિક વિચારો | ડૉ. આર. કે. વારોતરિયા |
| પાન | ૭ | વૈદિકકાળની રાજ્યવ્યવસ્થા | પ્રો. મીનાક્ષી પટેલ |
| પાન | ૯ | ભારતની વસ્તી ગણતરી ૨૦૧૧ | પ્રો. ડૉ. જગદીશ પી. ટાંકોદરા |
| પાન | ૧૧ | અર્થશાસ્ત્રનું નોબેલ પ્રાઈઝ (૨૦૧૮) : વિલિયમ્સ નોર્ડહાઉસ અને પોલ રોમર | પ્રો. બિપિનચંદ્ર ર. ત્રિવેદી |
| પાન | ૧૩ | વર્ચ્યુઅલ કરન્સી | ડૉ. હિંમત સેંજલિયા |
| પાન | ૧૫ | માનવ જીવનને ઉપયોગી અર્થશાસ્ત્ર-શિક્ષણ | ડૉ. સોમાભાઈ એલ. ઠાકોર |
| પાન | ૧૭ | કેન્દ્ર સરકારની ઔદ્યોગિક ક્ષેત્રે મહત્ત્વની સ્કીમો | પ્રો. નીતા એચ. પટેલ |
| પાન | ૨૧ | પ્લાસ્ટિકના વપરાશ અને પર્યાવરણ | પ્રો. બી. એલ. ભુતિયા |
| પાન | ૨૫ | શિક્ષણ વ્યવસ્થા અને અર્થવ્યવસ્થા | પ્રો. ડૉ. પારૂલ બી. ટંડેલ |
| પાન | ૨૭ | સ્માર્ટ સિટી – સુરત | પ્રો. દિલીપચંદ્ર આઈ. ચાવડા |
| પાન | ૨૯ | સંશોધન સમાચાર : જુનાગઢ તથા રોજકોટ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેન્કોનો કૃષિક્ષેત્રના આર્થિક વિકાસમાં ફાળો | કુ. સોનિયા વી. ટાંક |
| પાન | ૩૧ | પત્રપેટી | |
| | | - રોજગારી સર્જન | ડૉ. એસ. કે. પાંભર |
| | | - મહિલા વિકાસ અને પંચવર્ષિય યોજનાઓ | પ્રો. ભાવના કે. પટેલ |


■ અર્થસંકલન પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટનું પ્રકાશન ■

દીપાવલીની શુભેચ્છા અને નૂતન વર્ષાભિનંદન



COLLEGE OF EDUCATION KHAROD Code 32 (DP)

PRINCIPAL
College of Education
Kharod, Ta. Ankleshwar

# શિક્ષણ વ્યવસ્થા અને અર્થવ્યવસ્થા

પ્રો. ડૉ. પારૂલ બી. ટંડેલ
કૉલેજ ઓફ એજ્યુકેશન, ખરોડ

કેળવણી માનવીનું ઘડતર કરનારી પ્રક્રિયા છે. કોઈપણ સમાજની અર્થવ્યવસ્થા તેના માનવો પર તેમની ક્ષમતાઓ અને ગુણવત્તા પર આધારિત છે. આમ કેળવણી દ્વારા સમાજની અર્થવ્યવસ્થાનું યોગ્ય નિર્માણ કરવાનું શક્ય બને છે. આથી જ દુનિયામાં સર્વત્ર આર્થિક ઉત્કર્ષ ઇચ્છતા રાષ્ટ્રો પોતાના માનવબળને વધારેમાં વધારે ઉત્પાદક બનાવવા માટે કેળવણીનો આશરો લે છે. સ્વતંત્ર ભારતમાં પણ આર્થિક વિકાસ માટે પંચવર્ષિય યોજનાઓનું આયોજન કરાયું છે. જેમાં કેળવણી માટે વધારેમાં વધારે નાણા રોકાય છે. હવે તો અર્થશાસ્ત્રીઓ પણ શિક્ષણને આર્થિક વૃદ્ધિના એક પરિબળ તરીકે જુએ છે અને શિક્ષણના ક્ષેત્રને નાણા રોકાણ માટેનું એક મહત્વનું ક્ષેત્ર ગણે છે.

શુલ્ટ્ઝના એક અભ્યાસ પ્રમાણે 'અત્યાર સુધી પ્રત્યેક કારીગર દીઠ થયેલી આવકનો વધારો શાથી થયો છે તે સમજી શકાતું નહોતું, પરંતુ જ્યારે તેને કારીગરના શિક્ષણ સાથે સાંકળ્યો ત્યારે જણાયું કે આવા આવકનાં ૭૦ ટકાને કારીગરનાં શિક્ષણ સાથે સંબંધો હોય છે.'

હરબીન્સ અને માયર્સના જણાવ્યા મુજબ, 'શિક્ષણ માનવશક્તિ અને આર્થિક વૃદ્ધિના અભ્યાસમાં શિક્ષણ અને રાષ્ટ્રીય ઉપજ વચ્ચે મહત્વનો હકારાત્મક સહસંબંધ જણાયો.'

શિક્ષણ અર્થવ્યવસ્થા પર નીચેની રીતે અસર કરે છે તે હવે આપણે સમજીએ.

- શિક્ષણ ભિન્ન ભિન્ન ધંધા-રોજગારને અનુરૂપ શિક્ષણ અને તાલીમ આપી નવી પેઢીને તૈયાર કરે છે. ટેકનિકલ અને વોકેશનલ શાખાઓ નીચલા સ્તરનાં ટેકનિશિયનો અને કુશળ કારીગરો પૂરા પાડે છે. પોલિટેકનિક અને એન્જિનિયરિંગ કોલેજો તેનાં ઉપલાં સ્તરનાં ટેકનિશિયનો, સુપરવાઈઝર, એન્જિનિયર્સ પૂરા પાડે છે. શિક્ષણ વ્યવસ્થા ભિન્ન ભિન્ન શાખાઓ દ્વારા અર્થવ્યવસ્થાની વિવિધતા અને જરૂરિયાત અનુસાર વ્યક્તિઓ આપે છે. વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ફાર્મસી, શિક્ષણ, કાયદો, તબીબી વગેરે શાખાઓ દ્વારા બહાર પડેલા યુવાનો આર્થિક વિકાસને પોષક એવી ફરજો બજાવે છે.
- ભારતમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત અને મફત કરવામાં આવ્યું છે તેથી નબળા વર્ગના લોકોને પણ શિક્ષણનો લાભ મળ્યો છે. આથી નીચલા વર્ગનાં લોકોમાંથી પણ આવડતવાળા લોકો આવવા માંડ્યા છે. જેથી અર્થવ્યવસ્થા માટે લાયક માણસો મેળવવાનું ક્ષેત્ર વધારે વિસ્તૃત બન્યું છે. જેથી આર્થિક વિકાસને સહાયતા મળે છે.
- જાપાનની કેળવણી એના નાગરિકોમાં આધુનિક યંત્રવિદ્યાનાં કૌશલ્યો વિકસાવે છે અને નિયમિતતા, ચીવટ, ખંત તથા કર્મઠતાનાં ગુણો સીંચે છે. પરિણામે જાપાનનો સામાન્ય નાગરિક એક ઉત્પાદક વ્યક્તિ બને છે. એના દ્વારા જાપાનની અર્થવ્યવસ્થા કેટલી સદ્ધર બનેલ છે તે આપણે જોઈએ છીએ. આથી ભારતની કેળવણી વ્યવસ્થા માટે રચાયેલ કોઠારી પંચે આધુનિકરણ વિજ્ઞાનનો અભિગમ, યંત્રવિદ્યાની તાલીમ અને ઉચ્ચ નૈતિક ગુણો પર આધારિત કેળવણી આપવા ભારપૂર્વક જણાવેલ છે.
- મોટા પાયાનાં ઉદ્યોગધંધાઓ ઊભા કરવામાં મોટા મૂડીરોકાણની જરૂર પડે છે. જો સમાજમાં પૂરતા પ્રમાણમાં બચતો નહીં થાય તો મૂડી પણ પૂરતા પ્રમાણમાં નિર્માણ થઈ શકતી નથી અને આર્થિક વિકાસ ધીમો થઈ જાય છે. આથી બચત કરવી તે આધુનિક સમાજનું ખૂબ જ અગત્યનું લક્ષણ બની જાય છે. બચત ખર્ચ સાથે સંકળાયેલ હોય



COLLEGE OF EDUCATION KHAROD Code 32 (DP)
PRINCIPAL
PRINCIPAL College of Education Kharod, Ta. Ankleshwar

# A study of the duties of the School Management Committees of Navsari Block

[a]Khushalibahen Jayantilal Bhandari, [b]Intekhabalam K Ansari,

[a]Assistant Teacher, Magod Dungri Primary School, At. Po. Atul, Tal. and Dist. Valsad, Gujarat,India

[b]Assistant Professor, College of Education Kharod, At.Po. Kharod, Tal. Ankleshwar, Dist.Bharuch, Gujarat, India

## Abstract

In every country a systematic structure of education is being constructed and changes with the passage of time. Among the various stages of education primary education is also having its unique importance. In India many efforts have been made time to time to make primary education more effective and more qualitative. Right to Education Act 2009 is passed in India with many expectations. As per the Article 21 of Right to Education Act - 2009 construction of School Management Committee in every Government primary school is made compulsory. Moreover, its duties are also determined. Investigators decided to study the duties being performed by the School Management Committees. To study the duties of the School Management Committees total 50 principals of the primary schools of the Navsari block were selected using random sampling method. While data were collected using questionnaire prepared by the investigators. Analysis and interpretation of the data reached to very important and energetic findings. In general, it could be conclude that the School Management Committees were performing well to achieve the aims of primary education and for the betterment of the primary education.

Background

Education is considered as a very important and purposeful process. It has its own various aims and objectives. To achieve various aims and objectives of the education by and large systematic structure of education system is being constructed in every country. Off course, the structure of education system varies from time to time and place by place .All the levels of education of education system are important one. Among all the different levels of education Primary education level is considered as the foundation and very important base of the whole education system in every country. Shrivastav (2015)had rightly observed that; "Primary education enable a child to learn, read and write. It enable him to follow a story in his own vernacular language." In India too importance of primary education is well understood and various attempts are being taken up time to time to meet the various expectations of the primary education. But it is also a bitter fact and matter of concern that the goal of free and compulsory primary education is yet not and achieved in the country and the quality of primary education is also a matter of concern.

As mentioned earlier various steps are taken up for the betterment of primary education in India. Right to Education Act (2009) is also a one of the very important steps in this regard. As per the Article – 21 of the Right to Education Act- 2009 construction of School Management Committee is made compulsory for all the Government primary schools in India. Moreover, various duties to be performed by

COLLEGE OF EDUCATION KHAROD Code 32 (DP)



PRINCIPAL
College of Education
Kharod, Ta. Ankleshwar